પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૯૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૭-૦૪-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રશિયા અને યુક્રેને વાતચીત દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ અને જો ભારત તેમાં મધ્યસ્થતા કરશે તો અમને ખુશી થશે

નવીદિલ્હી,

યુક્રેનના બુચા શહેરમાં થયેલા કથિત નરસંહાર પર વિદેશ મંત્રી એસ. જયશંકરે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે લોહી વહાવીને તથા માસૂમને મારીને કોઈ પણ સમસ્યાનો ઉકેલ આવી શકે નહીં. તેમણે કહ્યું કે રશિયા અને યુક્રેને વાતચીત દ્વારા આ સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ અને જો ભારત તેમાં મધ્યસ્થતા કરશે તો અમને ખુશી થશે.



યુક્રેનની સ્થિતિ પર લોકસભામાં ચર્ચા દરમિયાન વિદેશ મંત્રીએ આ વાતો જણાવી. તેમણે કહ્યું કે ભારત કોઈ પણ સંઘર્ષની વિરુદ્ધ છે. લોહી વહાવીને તથા માસૂમોની હત્યા કરીને સમસ્યાનો ઉકેલ આવી શકે નહીં. આજના સમયમાં વાતચીત અને કૂટનીતિથી કોઈ પણ વિવાદને ઉકેલી શકાય છે. તેમણે બુચા શહેરમાં નાગરિકોની હત્યાની નિંદા કરતા સ્વતંત્ર તપાસ કરાવવાની પણ વાત કરી. તેમણે કહ્યું કે અમે એ જ નિર્ણય લઈ રહ્યા છીએ જે આપણા હિતમાં છે. આવી કપરી પરિસ્થિતિમાં દરેક દેશ એવી નીતિઓ અપનાવે છે જે તેના લોકોને સુરક્ષા આપે.

જયશંકરે કહ્યું કે ભારત જો કોઈની સાઈડ લેશેતો તે શાંતિની હશે. તેમણે કહ્યું કે રશિયા અને યુક્રેને વાતચીત કરવી જોઈએ. જયશંકરે જણાવ્યું કે ભારત પ્રવાસ પર આવેલા રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવને પણ આ જ સંદેશ અપાયો હતો. જો ભારત તેમાં કોઈ મદદ કરી શકે તો અમને ખુશી થશે.

લોકસભામાં વિદેશમંત્રી જયશંકરે કહ્યું કે યુક્રેનના સંઘર્ષે માત્ર દુનિયા જ નહીં પરંતુ ભારતની અર્થવ્યવસ્થાને પ્રભાવિત કરી છે. અન્ય દેશોની જેમ જ આપણે પણ એ જ કર્યુ જે આપણા હિતમાં હતું. તેમણે કહ્યું કે આજના સમયમાં દરેક દેશ એક બીજા પર નિર્ભર છે. આથી ભલે કોઈ દેશ પોતાના શબ્દોથી પોતાની સ્થિતિ જણાવી રહ્યો હોય પરંતુ તે પણ એ જ નીતિઓ અપનાવે છે જે તેના પોતાના લોકોના ભલાઈમાં હોય. તેમણે કહ્યું કે આવી સ્થિતિમાં ભારતે શું કરવું જોઈએ? જ્યારે ઉર્જા (તેલ અને ગેસ)ના ભાવ વધી રહ્યા હતા ત્યારે અમે એ સુનિશ્ચિત કરવા માંગતા હતા કે ભારતના નાગરિકો પર તેનો કોઈ પણ પ્રકારે બોજો ન વધે.

### બુચામાં થયેલ નરસંહાર પર વિદેશ મંત્રી એસ. જયશંકરે લોકસભામાં નિવેદન આપ્યું

વિદેશ મંત્રી એસ જયશંકરે યુક્રેન યુદ્ધ પર સંસદમાં કહ્યું કે ઓપરેશન ગંગા એક મોટો પડકાર હતો. યુદ્ધની વચ્ચે અમે લોકોને ત્યાંથી સલામત રીતે બહાર કાઢ્યા. ત્યાં વિદ્યાર્થીઓએ ઘણી હિંમત બતાવી. યુદ્ધ શરૂ થયું ત્યારે અમે ત્યાંના મંત્રીઓ સાથે વાત કરી. મારે એ પણ કહેવું જોઈએ કે જો આપણા મંત્રીઓ ન ગયા હોત તો આ કામ આટલું સરળ ન હોત. હું સમગ્ર ટીમવર્કની પ્રશંસા કરું છું.

જયશંકરે વધુમાં કહ્યું કે અમે યુક્રેન અને રશિયાના રાષ્ટ્રપતિ વચ્ચે વાતચીત ઈચ્છીએ છીએ. હું ઓપરેશન ગંગા વિશે કહેવા માંગુ છું કે અમે ત્યાંથી લગભગ ૨૦ હજાર ભારતીયોને બહાર કાઢ્યા. આ સાથે અન્ય દેશોના નાગરિકોને પણ ત્યાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. કોઈ દેશે આમ કરીને બતાવ્યું નથી. બાકીના દેશ આજે આપણું ઉદાહરણ આપી રહ્યા છે.વડાપ્રધાન પોતે નેતાઓ સાથે વાત કરી, જ્યાં લોકો ફસાયા હતા, ત્યાં યુદ્ધવિરામ થયો. ચૂંટણી પ્રચારની વચ્ચે વડાપ્રધાનએ આ અંગે બેઠક યોજી હતી. ખાર્કિવ અને સુમીમાં સ્થિતિ ખરાબ હતી. મોદીએ આ અંગે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે વાત કરી હતી. જેના કારણે વિદ્યાર્થીને સેફ ઝોન મળી ગયો. બંને દેશોને વિનંતી કરી કે જ્યાંથી તમે વિદ્યાર્થીઓ જઈ રહ્યા છો, ત્યાં ગોળીબાર ન કરો.

અત્રે જણાવવાનું કે આ અગાઉ મંગળવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પણ ભારતે બુચા નરસંહારની નિંદા કરી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટી એસ ત્રિમૂર્તિએ કહ્યું હતું કે બુચાથી આવી રહેલા રિપોર્ટ્સ પરેશાન કરનારા છે અને તેની સ્વતંત્ર તપાસની જરૂર છે. તેમણે કહ્યું હતું કે જ્યારે માસૂમના જીવ પર વાત આવે છે તો ફક્તને ફક્ત કૂટનીતિના રસ્તે જ શાંતિ સ્થાપિત કરી શકાય છે.

યુક્રેનની રાજધાની કીવ નજીક બુચા શહેરમાં સેંકડો લાશ મળી આવી છે. આ લાશો રસ્તાઓ પર પડી છે. યુક્રેનનો દાવો છે કે રશિયાના સૈનિકોએ આ લોકોની હત્યા કરી છે. બુચાના ડેપ્યુટી મેયર ટારસ શપ્રાવસ્કીએ દાવો કર્યો છે કે અહીં ૩૦૦થી વધુ લાશ મળી છે. જેમાંથી ૫૦ લાશ એવી છે જેમની સાથે બર્બરતા આચરવામાં આવી છે. જો કે રશિયાએ તેને યુક્રેનનો પ્રોપગેન્ડા ગણાવ્યો છે. આ તસવીરો સામે આવ્યા બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ તેને નરસંહાર ગણાવ્યો છે. આ બાજુ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન પર વોર ક્રિમિનલનો કેસ ચલાવવાની વાત કરી છે.

## રાજ્યમાં ગરમીનો પારો સામાન્ય કરતા ઘણો ઊંચો પહોંચ્યો

અમદાવાદ,

રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની શક્યતા છે. ગુજરાતમાં કાળઝાળ ગરમીએ લોકોને હેરાન કરી મુક્યા છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી ગરમીનું મોજું રહેવાની શક્યતા છે.આજે રાજ્યમાં ગરમીના કારણે આ જ સ્થિતિ રહી હતી.

અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું, જે છેલ્લા કેટલાક દિવસોમાં સૌથી વધુ છે. આગાહી મુજબ, તે સામાન્ય તાપમાન કરતાં ૪.૬ ડિગ્રી વધારે હતું. રાજ્યમાં રાજકોટ સહિત શહેર સૌથી ગરમ રહ્યું હતું. ભુજમાં ૪૧.૮ ડિગ્રી, ડીસામાં ૪૧.૭ ડિગ્રી અને વડોદરામાં ૪૧.૬ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું હતું. "આગામી ૪૮ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, ત્યારબાદ આગામી ૩ દિવસમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે," આગાહીમાં કહેવામાં આવ્યું છે.

આરોગ્ય વિભાગે હીટસ્ટ્રોકના લક્ષણો અને તેની અસરો ઘટાડવાની રીતો વિશે ચેતવણી આપી અને નાગરિકોને જો શક્ય હોય તો સીધી ગરમીથી બચવા, પુષ્કળ પ્રવાહી પીવો અને માથું ગરમ ??રાખવા માટે સલાહ આપી.

## જનતા ત્રાહિમામ તેલ-દૂધ બાદ દાળના ભાવ પણ આસમાને

અમદાવાદ,



મોંઘવારીએ માજા મુકી છે. દરેક વસ્તુમાં ભાગ વધી રહ્યા છે કોરોના મહામારી પછી દેશનું અર્થતંત્ર પાટા પર આવતાની સાથે જીવન જરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ વધી રહ્યાં છે. રોજેરોજ ભાવના નવા ચાર્ટ બને છે, અને તેમાં વધારો જ થઈ રહ્યો છે. આમાં, હવે રસોડામાં બનતા દાળ અને કઠોળ મોંઘા થવા લાગ્યાં છે.

છેલ્લા એક જ મહિનામાં દાળ-કઠોળના ભાવમાં ૧૬ ટકાનો જંગી વધારો થયો છે. આ ભાવ વધારાના અનેક કારણ છે. ખાસ કરીને સ્કૂલ-કોલેજો અને હોસ્ટેલો ખૂલતા તેમજ પ્રવાસન વધવાથી હોટલો-રેસ્ટોરન્ટમાં પણ દાળની માંગ વધી છે. સાથે જ કઠોળ પકવતા ખેડૂતો કપાસની ખેતી તરફ વળ્યા છે તેથી ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

દાળ-કઠોળના ભાવમાં એક મહિનામાં ૧૬ ટકાનો જંગી વધારો નોંધાયો છે. દાળની માગની સામે ઉત્પાદન ઘટતા ભાવ વધારો લોકોને નડી રહ્યો છે. ૧૫ રૂપિયાના વધારા સાથે અડદની દાળના એક કિલોના ૧૨૫ રૂપિયા થઈ ગયા છે. તો તુવેર, અડદની ખેતીમાં ૨૫ થી ૩૦ ટકાનો ઘટાડો થયો છે. કઠોળ પકવતા ખેડૂતો કપાસની ખેતી તરફ વળતા કઠોળનું ઉત્પાદન ઘટી રહ્યું છે, જેને કારણે ભાવ વધારો નડી રહ્યો છે.

રોજ રાત્રે પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો થાય તો લોકોને આંચકો લાગે છે. સતત ૧૫ દિવસથી રોજ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ-ડીઝલની સાથે સીએનજીની કિંમતમાં પણ વધારો થઈ રહ્યો છે.

## દયાના આધારે પરણિત દીકરી પણ નોકરીની હકદાર, સર્વાઈવરની હોવી જોઈએ મંજૂરી : સુપ્રીમ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કહ્યું દયાના આધારે પરણિત દીકરીને પણ નોકરી આપી શકાય છે. માત્ર શરત એટલી છે સર્વાઈવર (માતા કે પિતા) આમ કરવા માટે ઈચ્છુક હોય. શીર્ષ અદાલતે કહ્યું કે ફક્ત દીકરી હોવુ દયાના આધારે નોકરી માટે પૂરતુ નથી. જસ્ટિસ અજય રસ્તોગી અને જસ્ટિસ સીટી રવિકુમારની ખંડપીઠે પિતાના મૃત્યુ બાદ દયા રોજગારની માંગ કરતી પરિણીત પુત્રીની અરજીને ફગાવી દીધી હતી. ૧૭ જુલાઈ ૨૦૧૩ ના રોજ, તેમના પિતા જીતેન્દ્ર સિંહ ભદૌરિયા, જેઓ ડીએસપી તરીકે તૈનાત હતા, તેમનું અવસાન થયું હતું.



અરજદાર મહિલા સુરભી ભદૌરિયા તરફથી હાજર રહેલા એડવોકેટ દુષ્યંત પરાશરે કર્ણાટક રાજ્ય વિરુદ્ધ સીએન અપૂર્વ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કર્યો હતો કે તે ચુકાદાના આધારે પરિણીત પુત્રી પણ દયા રોજગાર માટે હકદાર છે. તેના પર જસ્ટિસ રસ્તોગીએ કહ્યું છે કે યોજનાના નિયમ-૨.૨ મુજબ, કરુણાપૂર્ણ નોકરી માટે સર્વાઈવર (માતા/પિતા) પાસેથી નામની લીલી ઝંડી મળવી જોઈએ, પરંતુ આ કિસ્સામાં પરિણીત પુત્રીને દયા નોકરી માટે માતાની મંજૂરી મળી નથી.

આ અંગે એડવોકેટ પરાશરે જણાવ્યું હતું કે પરિણીત પુત્રીને તેની માતા પાસેથી દયા રોજગાર માટે મંજૂરી મળી નથી, પરંતુ હાલની જોગવાઈ મુજબ, તે વ્યક્તિગત અધિકાર તરીકે દયા રોજગાર માંગી શકે છે. તેણે કહ્યું કે માતાએ તેનું નામ મંજૂર કર્યું ન હતું કારણ કે અરજદારની પરિણીત પુત્રીએ સ્થાવર મિલકતના વિભાજન માટે કેસ દાખલ કર્યો હતો. પરાશરે કહ્યું કે અરજદારનો ભાઈ વ્યવસાયે વકીલ છે અને તે સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરે છે. અરજદાર પરિવારમાં સૌથી મોટી હોવાથી તેની માતા તેના દાવા સામે વાંધો ઉઠાવી શકે નહીં. જો કે, બેન્ચ પરાશરની દલીલોથી સંતુષ્ટ ન હતી અને અરજી ફગાવી દીધી હતી.

## કોંગ્રેસે સાબરમતી આશ્રમથી ૧૧૭૧ કિમીની આઝાદી ગૌરવ યાત્રા શરૂ કરી



અમદાવાદ,

સફેદ વસ્ત્રોમાં, હાથમાં તિરંગો લઈને પગપાળા એક રેલી કરવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા આઝાદી ગૌરવ યાત્રા (રેલી) આજથી શરુ કરવામાં આવી છે. અમદાવાદમાં સાબરમતી આશ્રમથી શરું થયેલી આઝાદી ગૌરવ યાત્રા રેલીમાં ૧૧૭૧ કિમીની યાત્રા કરવામાં આવશે. આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગ રૂપે કોંગ્રેસ દ્વારા 'આઝાદી ગૌરવ યાત્રા'ની શરૂઆત ભાજપ સ્થાપના દિવસથી કરવામાં આવી છે અને આ આઝાદી ગૌરવ યાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. અમદાવાદના ગાંધીઆશ્રમથી શરુ કરાયેલી યાત્રા દિલ્હી રાજઘાટ સુધીની રહેશે. આમ કુલ ૧૧૭૫ કિલોમીટર લાંબી યાત્રામાં સ્ત્રીઓ પણ જોડાઈ છે. ગુજરાતમાં ૧૦ દિવસ વિવિધ જિલ્લાઓમાંથી યાત્રા પસાર થશે. કુલ ૩ લાખ લોકો સુધી સીધા પહોંચવાનો કોંગ્રેસનો પ્રયાસ છે. દરેક ગામમાંથી અન્ન. પાણી અને માટી લેવામાં આવશે. આ પાણી અને માટીથી રાજઘાટ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવશે. ૭૫ યાત્રીઓ પદયાત્રા સતત જારી રાખશે. આઝાદી માટેના બલિદાનોની વાત લોકો વચ્ચે લઈ જશે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી રૂપે યોજાયેલી આ યાત્રા વિષે જણાવતા યાત્રાળુએ જણાવ્યું હતું કે, ૭૫ વર્ષ પછી આ દેશમાં બીજી લડાઈ લડવાની જરૂર હોય તેમ લાગી રહ્યુ છે અને આ તેના માટેની શરૂઆત છે. દેશનું ભવિષ્ય ઉજવળ કરવા માટેનો આ પ્રયત્ન છે.

## અમૂલ દૂધના ભાવમાં ફરી વધારાની શક્યતા

અમદાવાદ,

મોંઘવારીની વહેતી ગંગામાં નાહીને પ્રજાને ડામ આપવા કંપનીઓ તત્પર છે ત્યારે હવે અમૂલના દૂધમાં ફરી વધારો આવે તેવા સંકેત મળ્યાં છે. અમૂલના એમડી આર.એસ.સોઢીએ કહ્યું કે કિંમતો મજબૂત રહેશે. હું ન કહી શકું કે કેટલી.કિંમતથી અહીંથી ઘટી ન શકે, ફક્ત ઉપર જઈ શકે છે. સોઢીએ કહ્યું કે અમૂલ સહકારી કંપનીએ છેલ્લા ૨ વર્ષમાં કિંમતોમાં આઠ ટકાનો વધારો કર્યો છે જેમાં ગત મહિને દૂધની કિંમતોમાં પ્રતિ લીટર બે રુપિયાનો વધારો પણ સામેલ છે.

સોઢીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમના ઉદ્યોગમાં ફુગાવો ચિંતાનું કારણ નથી. તેમણે કહ્યું હતું કે, ખેડૂતને તેમની પેદાશની ઊંચી કિંમત મારફતે લાભ મળી રહ્યો છે. અમૂલ અને વ્યાપક ડેરી ક્ષેત્ર દ્વારા કરવામાં આવેલી વૃદ્ધિ અન્યોની તુલનામાં ઘણી ઓછી છે, ખાસ કરીને ખર્ચમાં વધારો.

સોઢીએ જણાવ્યું હતું કે વીજળીના વધેલા ભાવથી કોલ્ડ સ્ટોરેજની કિંમતમાં વધારો થાય છે, જે લગભગ એક તૃતીયાંશથી વધુ વધી ગયો છે. લોજિસ્ટિક્સ ખર્ચ પણ વધ્યો છે અને પેકેજિંગમાં પણ આવું જ છે. તેમણે કહ્યું કે, આ દબાણોને કારણે દૂધના ભાવમાં ૧.૨૦ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રોગચાળા દરમિયાન ખેડુતોની પ્રતિ લિટર આવક પણ ૪ રૂપિયા થઈ ગઈ છે.

## મોંઘવારી ભથ્થાના વધારા બાદ એચઆરએ વધી શકે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં પોતાના કર્મચારીઓને વધુ એક ભેટ આપી શકે છે. એટલે કે તેમના પગારમાં હજુ વધારો કરવામાં આવશે.રિપોર્ટ અનુસાર મોંઘવારી ભથ્થા બાદ મોદી સરકાર કર્મચારીઓના ઘર ભાડા તથા બીજા ભથ્થામાં વધારાનો નિર્ણય લઈ શકે છે. મોંઘવારી ભથ્થામાં વધારા બાદ એચઆરએમાં વધારાની અપેક્ષા પણ વધી છે. આ પહેલા ગયા વર્ષે જુલાઈમાં એચઆરએમાં વધારો થયો હતો. ત્યારબાદ ડીએ પણ ૨૫ ટકાથી વધારીને ૨૮ ટકા કરવામાં આવ્યું હતું. હવે જ્યારે ડીએને વધારીને ૩૪ ટકા કરવામાં આવ્યુ છે, તો એચઆરએમાં પણ વધારો થઈ શકે છે. કઈ કેટેગરીના શહેર માટે કેટલા એચઆરએમાં વધારાની શક્યતા. સરકારી કર્મચારીઓને શહેરની કેટેગરી અનુસાર ઘર ભાડામાં વધારો મળે છે. શહેરો માટે ત્રણ કેટેગરી એક્સ,વાય અને ઝેડ છે. રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે, એક્સ કેટેગરીના શહેરોમાં રહેતા અથવા કામ કરતા સરકારી કર્મચારીઓના એચઆરએમાં ડીએની જેમ જ ૩ ટકા સુધીનો વધારો થવાની સંભાવના છે. હાલમાં આ શહેરોમાં કર્મચારીઓને બેઝિક સેલરી એચઆરએના ૨૭ ટકા મળે છે.વાય કેટેગરીના શહેરો માટે આ વધારો ૨ ટકા શક્ય છે. આ વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓને ૧૮-૨૦ ટકા એચઆરએ મળે છે. ઝેડ કેટેગરીના શહેરો માટે એચઆરએમાં ૧ ટકાનો વધારો કરી શકાય છે. હાલ તો એચઆરએ ૯-૧૦ ટકાના દરે આપવામાં આવે છે.

## બદરીનાથ ધામમાં આધ્યાત્મિક સ્માર્ટ હિલ ટાઉન બનાવવામાં આવશે

દહેરાદુન,

બદરીનાથ ધામને આધ્યાત્મિક સ્માર્ટ હિલ ટાઉનના રૂપમાં વિકસિત કરવા માટે આર્થિક સહયોગ આપવા માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (આઈઓસીએલ) પણ આગળ આવ્યું છે.ઈન્ડિયન ઓઈલ તરફથી વિકાસ કાર્યો માટે ૨૪.૫૧ કરોડની રકમ આપવામાં આવશે

તેમાં કેદારનાથ ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટને ૯.૮૦ કરોડનો પહેલો હપ્તો આપી દીધો છે પર્યટન સચિવ દિલીપ જાવલકરની હાજરીમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને કેદારનાથ ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટની વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.એમઓયુ અનુસાર પ્રથમ તબક્કામાં બદરીનાથ ધામમાં નદી તટબંધનું કામ થશે

તમામ વિસ્તારોના વહાનોના રસ્તા બનાવવા પુલોનું નિર્માણ,વર્લતમાન પુલોનું સૌદર્યીકરણ આવાસની સાથે ગુરૂકૂળ સુવિધાઓની સ્થાપપના શૌચાલય બનાવવા અને પીવાના પાણીની સુવિધા સ્ટ્રીટ લાઈટ્સ ભિત ચિત્રનું નિર્માણ કરવામાં આવશે એમઓયુમાં બદરીનાથ ધામમાં નદી તટબંધ કાર્ય માટે આઈઓસીએલ તરફથી ૨૪.૫૧ કરોડ રૂપિયાની નાણાંકીય સહાયતા આપવાની સહમતિ પ્રદાન કરી છે.

દિલીપ જાવલકરે કહ્યું કે બદરીનાથ ધામમાં ૨૭૭ કરોડ રૂપિયાના અવસ્થાપના વિકાસ સંબંધી કાર્ય કરવામાં આવી રહ્યાં છે.આ કાર્યો પુરા થતા જ બદરીનાથ ધામમાં તીર્થયાત્રીકો અને શ્રધ્ધાળુઓને વિવિધ પ્રકારની યાત્રી સુવિધા મળશે. માસ્ટર પ્લાન હેઠળ કરવામાં આવનાર કાર્યોમાં પર્યાવરણીય સંતુલન અને સ્થાનીક હિત ધારોકોનના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે

## સરકારને ન્યૂઝ પ્રિન્ટ પરની આયાત-જકાત જે ૫ ટકા છે તે ઝીરો કરવાની માગણી કરતા ભાજપના સાંસદ

નવીદિલ્હી,

દેશના ઈંધણ સહિતના મોટા ભાવવધારાના કારણે તમામ ઉદ્યોગોનો ઉત્પાદન ખર્ચ વધી ગયો છે અને આવશ્યક ચીજોથી લઈ કાર અને સ્કૂટર સહિતના ભાવોમાં પણ કંપનીઓએ વધારો કરી દીધો છે તે સમયે દેશના ન્યૂઝ પેપર ઈન્ડસ્ટ્રીઝને જે લાંબા સમયથી ન્યૂઝ પ્રિન્ટના ભાવવધારા અને વિદેશથી આયાત થતી ન્યૂઝ પ્રિન્ટના શીપીંગ ચાર્જમાં વધારા ઉપરાંત એકંદરે જે ભાવવધારાની સ્થિતિ સહન કરવી પડી રહી છે

તેમાં પ્રથમ વખત ન્યૂઝ પેપર ઈન્ડસ્ટ્રીઝ એટલે કે પ્રિન્ટ મીડિયાનો અવાજ રાજ્યસભામાં સાંભળવામાં આવ્યો છે અને ખાસ કરીને હાલમાં યુક્રેન યુધ્ધના કારણે રશિયાથી આયાત થતી ભારતની ન્યૂઝ પ્રિન્ટના ભાવમાં ૩ થી ૪ ગણો વધારો થયો તેના સંદર્ભમાં સરકારને ન્યૂઝ પ્રિન્ટ પરની આયાત-જકાત જે ૫ ટકા છે તે ઝીરો કરવાની માગણી બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ભાજપના રાજ્યસભાના સાંસદ સુશીલકુમાર મોદીએ કરી છે. કોરોના કાળમાં પણ દેશના તમામ ઉદ્યોગોને મોટા રાહત પેકેજ આપવામાં આવ્યા હતાપરંતુ ન્યૂઝ પેપર ઈન્ડસ્ટ્રીઝને એટલે કે પ્રિન્ટ મીડિયાને કોઈપણ પ્રકારની રાહત મળી ન હતી અને છેલ્લા બે વર્ષથી આ ઉદ્યોગ ભારે કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે તેમાં હવે યુક્રેન યુધ્ધના કારણે ન્યૂઝ પ્રિન્ટના ભાવમાં થયેલો ૩ ગણો વધારો એ માર્કેટ પરિબળ ગણીએ તો પણ સરકારે જે પાંચ ટકા આયાત જકાત વસૂલાય છે તે રદ કરવી જોઈએ તેવી માગણી સુશીલકુમાર મોદીએ રાજ્યસભામાં કરી હતી.

તેમણે જણાવ્યું કે ભારત એ વિશ્રૃવમાં ન્યૂઝ પ્રિન્ટનો સૌથી મોટો આયતાકાર દેશ છે અને ૪૫ ટકા ન્યૂઝપ્રિન્ટ રશિયાથી આવે છે.તેઓએ એક ખાસ દરખાસ્ત સમયે રાજ્યસભામાં જણાવ્યું કે આ ન્યૂઝ પ્રિન્ટ દરિયાઈ માર્ગે ભારત આવે છે અને શીપમેન્ટ ચાર્જમાં છેલ્લા બે વર્ષમાં ૪૦૦ ટકા જેવો વધારો થયો છે જેના પરિણામે અખબારોને મળતા કાગળોના ભાવ બેતહાસા વધ્યા છે અને તેને કોઈ સરકારી મદદ કે રાહત મળતી નહીં હોવાથી આ ઉદ્યોગ કે જે લોકશાહીના સ્તંભ તરીકે ગણવામાં આવે છે તેને સરકારે ઈમ્પોર્ટ ડ્યુટીમાં રાહત આપીને મદદ કરવી જોઈએ. દેશમાં અત્યાર સુધી પ્રિન્ટ મીડિયાના આ મુદ્દાને ભાગ્યે જ કોઈએ ઉઠાવ્યો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. એફ. ખોજા

મુ. ખાંડીવાવ, તા.જાંબુઘોડા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જોટવડ વાડી વિકાસ બચત મંડળ

મુ. ઉઢવણ, તા.જાંબુઘોડા, જી. પંચમહાલ

# સંતરામપુર નગરપાલિકા વેરા વસુલાતમાં મહિસાગર જિલ્લામાં પ્રથમ સ્થાન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા વેરા વસૂલાત કરવામાં મહિસાગર જિલ્લામાં પ્રથમ સ્થાન લુણાવાડા અને બાલાસિનોર કરતા ૬૫ ટકા સંતરામપુર નગરપાલિકા વેરા વસૂલાત કરી હતી હિસાબી વર્ષમાં એપ્રિલ માર્ચ ૨૦૨૨ સુધીમાં નગરપાલિકા નગરપાલિકાના ચીફ ઓફિસર અને કર્મચારી ચીફ ઓફિસર અને માર્ગદર્શન મુજબ કર્મચારી નગરના અલગ-અલગ વોર્ડમાંથી કર્મચારી પાણી વેરો ઘરવેરો વગેરે વેરા વસૂલાત કરવામાં આવેલા હતા. જેમાં નગરપાલિકા પોતાની માર્ગદર્શન રીતે અને ૩૧ માર્ચ સુધીમાં જો વીરો જમા કરાવી દેશો તો પણ તમારે ભરવું પડશે નહીં એ રીત નગરપાલિકા અલગ અલગ વિસ્તારોમાં લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરીને સ્થાનિક નાગરિકોને અને વેપારીઓને સુચના આપીને વેરા વસૂલાત કરવાની કામગીરી હાથ ધરી હતી દરેક જગ્યાએ ઘરે ઘરે વેરા પાવતી પહોંચાડીને જાણ કરવામાં આવી હતી. આ જ પ્રમાણે સંતરામપુર નગરપાલિકા ૩૧ માર્ચ સુધીમાં ૬૫ ટકા વેરા વસૂલાત કરી ને મહિસાગર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

# વિરપુરના મુખીના મુવાડા ગામે પીવાના પાણીની કિલ્લત : રાત્રિના સમયે પાણી ભરવા પરિવારો મજબુર

વિરપુર, ઉનાળાના પ્રારંભ સાથે વિરપુર તાલુકામાં પાણીના પોકાર શરૂ થયા છે. પાણીની સમસ્યાથી પરેશાન ગ્રામજનોને હિજરત કરવી પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ત્યારે તંત્ર સબ સલામત હોવાના દાવા કરતા તંત્ર સામે લોકોમાં રોષ જોવા પામ્યો છે. નહિવત વરસાદથી આ વર્ષે પીવાના પાણીની સમસ્યા જોવા મળી રહી છે. તંત્ર ટેન્કર મારફતે પાણી વિતરણ કરવાની વાતો માત્ર કાગળ પર રહી છે તેવુ દેખાઈ રહ્યુ છે. મુખીના મુવાડા ગામ પાણી માટે ચોતરફ વલખા મારી રહ્યુ છે. અડધી રાત સુધી લોકો પાણી ભરવા માટે મજબુર બન્યા છે. અંદાજિત ૧૫ પરિવારો વસવાટ કરે છે. આ તમામ પરિવારો પાસે અંદાજિત ૧૦૦થી વધુ પશુધન છે. ત્યારે આ પરિવારો અને પશુધનને પીવાના પાણી માટેનુ જળસંકટ ઘેરુ બન્યુ છે. છેલ્લા ત્રણ વર્ષથી આ વિસ્તારમાં પીવાના પાણીને લઈને આ પરિવારો મુશ્કેલી વેઠી રહ્યા છે. કુવા-બોરમા વધુ પાણી ન હોવાથી અનેક પરિવારો પાણીની વંચિત રહે છે. ૨/૩ કિ.મી.દુરથી પ્રાઈવેટ બોરમાંથી થોડુ પાણી મળે છે. પીવાન પાણીની ગંભીર સમસ્યા સર્જાવા છતાં તંત્રના પેટનુ પાણી હાલતુ નથી. તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે પાણીની વ્યવસ્થા કરે તેવી માંગ છે.



ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ હોઈ પાર્ટી ધ્વજનું આરોહણ કરવામાં આવ્યું અને ત્યાર બાદ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું અને રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાનું ઉદ્દબોધન સાંભળ્યું હતું.

# મહિસાગર જિલ્લાના લીંબડીયા ગામમાં મોહલ્લા તાલીમ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈક્રો ફાઈનાન્સ ફોર વુમન, બેંક ઓફ બરોડા, આર.બી.આઈના સંયુકત ઉપક્રમે ચાલતા પ્રોજેક્ટ અંતર્ગત ખાનપુર તાલુકાના લીંબડીયા ગામ પંચાયતમાં મોહલ્લા કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ લોકો સક્રિય રીતે બચત કરતા થાય અને બેંક ઓફ બરોડા દ્વારા ચાલતા વીમા કવચનો લોકો વધુમાં વધુ લાભ લેતા થાય તેમજ ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી લોકો સરળતાથી બેન્કિંગ વ્યવહાર કરતા થાય તે માટે મદય ગુજરાત કો-ઓર્ડીનેટર એલ્વિન સમ્યુલના માર્ગદર્શન હેઠળ સી. એફ. એલ.કડાણા અંતર્ગત એ. એફ.સી તરીકે ખાનપુર તાલુકામાં કામ કરતાં હસમુખ બામણીયા દ્વાર લોકોને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાના લાભો વિશે માહિતી આપવામાં આવી હતી.

# હાલોલ તાલુકાના વીટોજ ગામમાં સન ફાર્માએ જ્ઞાનોદય મોડલ સ્કૂલનું ઉદઘાટન કર્યુ



હાલોલ, સન ફાર્મા કંપની હાલોલની આસપાસ ગામમાં કોર્પોરિટ સામાજિક જવાબદારી અંતર્ગત આરોગ્ય શિક્ષણ ગ્રામીણ વિકાસ પાણી પર્યાવરણ ક્ષેત્રે વિવિધ વિકાસના કાર્યો કરી રહી છે.

સન ફાર્મા કંપની જ્ઞાનોદય મોડલ સ્કૂલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ સરકારી શાળાઓમાં વિકાસ માટે હાલોલમાં કાર્યરત છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય બાળ મૈત્રીપૂર્ણ શાળાઓ બનાવવાનો છે. જ્યાં વિદ્યાર્થીઓ આવવાનું અને આનંદપૂર્વક શિક્ષણ મેળવવાનું પસંદ કરે છે. વિટોજ પ્રાથમિક શાળા એ ૪ થી શાળા છે. જેનો વિકાસ જ્ઞાનોદય મોડલ શાળા તરીકે થયો છે. વિટોજ પ્રાથમિક શાળાને સન ફાર્મા દ્વારા ડિજિટલ ક્લાસરૂમ, પજ્ઞા ક્લાસરૂમ, વોટર પ્રૂફિંગ, વિવિધ લક્ષી શેડ રસોડાના નવીનીકરણ અને રંગકામ ની કામગીરી દ્વારા જ્ઞાનોદય મોડલ સ્કૂલ તરીકે વિકસાવવામાં આવી છે.

આ કાર્યક્રમમાં શાળાનું ઉદઘાટન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.વી.એમપટેલ હસ્તે કરવામાં આવ્યું. બી.આર.સી સંયોજક પીરઝાદા, બીટ કેળવણી નિરીક્ષકો, નજીકની શાળાઓના આચાર્યો, ગામના સરપંચ, ગામના અન્ય આગેવાનો, અને શાળાના કર્મચારીઓએ હાજરી આપી હતી. સન ફાર્મા તરફથી કવોલિટી હેડ મુસ્તાક સેરસિયા, મચંકભાઇ ભગત અને પ્રતિકભાઇ પંડ્યા હાજર રહ્યા હતા.

# ગોધરા નદીસરના યુવાનો રથ લઈ પાવાગઢ પ્રસ્થાન કર્યુ


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા, ગોધરા તાલુકાના નદીસર ગામે માછી સમાજ (પોસ્ટ ફળિયા) ના યુવાનો દ્વારા દર વર્ષે ચૈત્ર નવરાત્રીમાં નદીસર થી પાવાગઢ સુધી માતાજીનો રથ કાઢવામાં આવે છે. જેમાં માતાજીના ગરબા અને ભજન ગાતાં ગાતાં યાત્રાળુઓ ચાલતા ચાલતા પાવાગઢ જાય છે. સતત બે વર્ષ થી કોરોના કારણે આ રથયાત્રા બંધ રહી હતી. જયારે આ વર્ષે નદીસર થી વાજતે ગાજતે રથયાત્રા નીકળી હતી અને મોટી સંખ્યામાં ભાવિકો યાત્રામાં જોડાયા હતા.

# મોટા ખાનપુરના ઈસમને ચેક રિટર્નના કેસમાં છ માસની કેદની સજા

લુણાવાડા, ખાનપુર તાલુકાના મોટા ખાનપુર ગામના શખ્સે વાહન માટે લોન લીધી હતી તેનો ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરતા કોર્ટે ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની કેદનો હુકમ કર્યો છે.

મોટા ખાનપુર ગામમાં મેઈન બજાર પ્રા.સ્કુલની નજીક રહેતા અમઝદખાન મહંમદખાન પઠાણે શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીમાંથી વાહનની ખરીદી માટે રૂ.૧,૦૨,૦૦૦ની લોન લીધી હતી. જેની ચુકવણી પેટે આપેલો રૂ.એક લાખનો ચેક અપુરતા બેલેન્સને કારણે રિટર્ન થતાં કંપનીના અધિકારીએ તેની સામે ચીફ જયુડિ.મેજી.ની કોર્ટમાં નેગોશિએબલ એકટની કલમ ૧૩૮ મુજબ કેસ કર્યો હતો. જે કેસ ચાલી જતા આરોપીને તકસીરવાન ઠેરવતા કોર્ટે છ માસની સાદી કેદની સજા તથા ચેકની રકમ વળતરરૂપે એક માસમાં ચુકવવાનો તેમજ આ રકમ ભરપાઈ કરવામાં ન આવે તો વધુ ૧૫ દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

# હાલોલ રાજુશા દરગાહ પાછળ જુગાર રમતા ૩ ઈસમોને ઝડપ્યા



હાલોલ, હાલોલ રાજુશા દરગાહની પાછળ ખુલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ૩ જુગારીયાને ૧૧,૧૩૦/-રૂપીયાની રોકડ સાથે ઝડપી પાડવામા આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ગોપીપુરા રોડ ઉપર આવેલ રાજુશા દરગાહની પાછળ ઝાડી ઝાંખરામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન લાલસીંગ ઉર્ફે લાલુ ગોરખા, ગોવિંદભાઈ બારીયા, શરીફ ઉર્ફે ચોટાવાલાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે પકડેલ ઈસમોની અંગઝડપી અને દાવ ઉપર મુકેલ ૧૧,૧૩૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# CNG ગેસના ભાવમાં વધારો થતા જામનગરના રિક્ષા ચાલકોએ વિરોધ નોંધાવ્યો

જામનગર, દેશની જનતા મોંઘવારીથી સતત પરેશાન છે. પેટ્રોલ-ડીઝલ, સીએનજી અને રસોઈ ગેસના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ૨૨ એપ્રિલ બાદ પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૩ વખત વધારો થઈ ચુક્યો છે. તો સીએનજીના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. જામનગરમાં આજે રિક્ષા ચાલકોએ સતત વધી રહેલા સીએનજીના ભાવને લઈને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. જામનગરમાં સીએનજીનો ભાવ ૭૭ રૂપિયા પર પહોંચી ગયો છે. જામનગરના ઝદ્રય રિક્ષાચાલકોએ મોટી સંખ્યામાં પ્રદર્શન ગ્રાઉન્ડમાં એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. છેલ્લા કેટલાક દિવસથી પેટ્રોલ-ડીઝલની સાથે સીએનજીના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. મંગળવારે સીએનજી ગેસના ભાવમાં ૭ રૂપિયા જેટલો વધારો થયો છે. જેને લઈને જામનગરમાં રિક્ષા ચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મદિવસે દેશભરમાં જાહેર રજા રહેશે: કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડ્યું

નવીદિલ્હી, દેશના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ પર ૧૪ એપ્રિલે હવે દેશભરમાં જાહેર રજા રહેશે. આ સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડીને જાહેરાત કરવામાં આવી છે. કર્મચારી, જાહેર ફરિયાદો અને પેન્શન મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું હતું કે નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ, ૧૮૮૧ (૧૮૮૧ નો ૨૬) ની કલમ ૨૫ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારે ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મદિવસ ગુરુવાર, ૧૪ એપ્રિલ ૨૦૨૨ ના રોજ સમગ્ર ભારતમાં રજા જાહેર કરે છે. દેશના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને દેશ અને સમાજ પ્રત્યેના તેમના અમૂલ્ય યોગદાન બદલ ૩૧ માર્ચ, ૧૯૯૦ના રોજ સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી મરણોત્તર સન્માનિત કરવામાં આવ્યા હતા. 'બાબાસાહેબ' ભીમરાવ આંબેડકરે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો હતો અને જીવનભર સામાજિક પૂર્વગ્રહ સામે લડત આપી હતી. આઝાદી પછી, જ્યારે તેમને રાષ્ટ્રનું બંધારણ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી ત્યારે તેમની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની ગઈ.

# આપની આજ.......

મેષ : આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે. સંતાન તરફથી તમને સારા સમાચાર મળશે.

વૃષભ : આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે. આજે નવી ચીજો ખરીદશો નહીં કે નવા કામમાં રોકાણ ન કરો.

મિથુન : આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે. ભલે મન રમતિયાળ હોય પણ આસપાસના વાતાવરણને રમૂજથી હળવા કરવાની ક્ષમતા હશે.

કર્ક : આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો, પરંતુ કોઈ પરિચિતના સહયોગથી મળેલા ફાયદાને કારણે લાભ દૂર થશે.

સિંહ : દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો. બપોર પછી સ્થિતિ સુધરશે.

કન્યા : આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

તુલા : દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. સાંસારિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવાને કારણે તમારે પોતાને અવગણવું પડી શકે છે

વૃશ્ચિક : આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

ધનુ : ગણેશજી કહે છે, આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

મકર : આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.મુસાફરી પર્યટન માટેની કોઈ યોજના બનશે, પરંતુ આજે તેનાથી બચવું સારું રહેશે.

કુંભ : આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે. રાજકારણમાં વધેલા જનસંપર્કનો લાભ લો.

મીન : ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઘરના વડીલોને નવા અનુભવ મળશે. ક્રોધથી બચો તમારા જીવનસાથીમાં વૈચારિક મતભેદો ઉભા ન થાય.

## ભાજપા સ્થાપના દિવસે મોદીના વિપક્ષ પર પ્રહાર

# દેશમાં અત્યારે બે પ્રકારની રાજનીતિ ચાલે છે, એક પરિવારભક્તિની અને એક રાષ્ટ્રભક્તિની



નવીદિલ્હી, આજે ૬ એપ્રિલે ભારતીય જનતા પાર્ટી(ભાજપા)નો ૪૨મો સ્થાપના દિવસ હતો.આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટી કાર્યકરોને સંબોધન કર્યું હતું. આ પહેલાં વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પર ટ્વીટ કરીને કહ્યુ હતું કે અમે તે દરેક લોકોને યાદ કરીએ છીએ, જેમણે પાર્ટીનું નિર્માણ કર્યુ છે અને લોકોની અનહદ સેવા કરી છે.

સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાન મોદીએ કહ્યુ- આજે નવરાત્રિનો પાંચમો દિવસ છે. આજે અમે મા સ્કંદ માતાની પૂજા કરીએ છીએ. આપણે જોયું છે કે તેઓ કમળના સિંહાસન પર બિરાજમાન હોય છે અને તેમના બંને હાથમાં કમળ હોય છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે ભાજપના દરેક નાગરિક અને કાર્યકર્તા પર તેમના આશીર્વાદ રહે.

મોદીએ કહ્યુ- જનસંઘથી લઈને ભાજપા સુધી પાર્ટીના નિર્માણમાં પોતાની જાતને સમર્પિત કરનાર મહાપુરુષોને નમન કરું છું. આજના સ્થાપના દિવસનું ત્રણ કારણથી વિશેષ મહત્ત્વ છે. અત્યારે આપણે દેશની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરી રહ્યા છે. આ પ્રેરણાનો બહુ મોટો અવસર છે. બીજું- ઝડપથી બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ. ત્રીજું- ચાર રાજ્યમાં ભાજપની ડબલ એન્જિનની સરકાર પરત આવી છે. ત્રણ દાયકા પછી રાજ્યસત્રમાં કોઈ પાર્ટીની સંખ્યા ૧૦૦ સુધી પહોંચી છે.

તેમણે કહ્યું હતું, ભાજપની-કાર્યકરોની જવાબદારીઓ સતત વધી રહી છે, તેથી ભાજપના દરેક કાર્યકર્તા દેશના સપનાંના પ્રતિનિધિ છે. આ અમૃતકાળમાં ભારતની વિચારસરણી આત્મનિર્ભરતાની છે. લોકલને ગ્લોબલ બનાવવાની છે. સામાજિક ન્યાયની છે. સમરસતાની છે. આ જ સંકલ્પોને ધ્યાનમાં રાખીને પાર્ટીની સ્થાપના થઈ છે. આ અમૃતકાળ આપણા કાર્યકર્તા માટે કર્તવ્યકાળ છે. આપણે દેશના સંકલ્પો સાથે સતત જોડાયેલા રહેવાનું છે અને પોતાને સમર્પિત કરી દેવાના છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું, એક સમય હતો, જ્યારે લોકોએ માની લીધું હતું કે સરકાર કોઈની પણ આવે, દેશનું કશું થઈ નહીં શકે. નિરાશા જ નિરાશા હતી, પણ અત્યારે હવે દેશની એક-એક વ્યક્તિ ગર્વથી કહી રહી છે કે દેશ બદલાઈ રહ્યો છે. ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે દુનિયાની સામે એક એવું ભારત છે, જે કોઈપણ ડર કે દબાણ વગર પોતાના હિત માટે ઊભુ છું. જ્યારે દુનિયા બે વિરોધી ધ્રુવોમાં વહેંચાયેલી છે ત્યારે ભારતને એક દેશ તરીકે જોવામાં આવે છે. જે દૃઢતાની સાથે માનવતાની વાત કરી શકે છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આજે દેશની પાસે નિર્ણય અને નિશ્ચિયશક્તિ બંને છે. આજે આપણે લક્ષ્ય નક્કી કરીએ છીએ અને એને પૂરું પણ કરીએ છીએ. થોડા સમય પહેલાં જ દેશે ૪૦૦ બિલિયન ડોલર એટલે કે ૩૦ લાખ કરોડથી વધુની નિકાસનો ટાર્ગેટ પણ પૂરો કર્યો છે. કોરોનાકાળમાં આ ટાર્ગેટ પૂરો કરવો એ આપણી તાકાત દર્શાવે છે. ભારત કોરોના સામે સંસાધનોની લડાઈ લડી રહ્યું છે. સતત જીતવાનો પ્રયત્ન કરી રહ્યું છે. આજે ભારત ૧૮૦ કરોડથી વધારે વેક્સિન ડોઝ આપતો દેશ બની ગયો છે. આટલા મુશ્કેલ સમયમાં ભારત ૮૦ કરોડ ગરીબોને મફતમાં રેશન આપે છે.

તેમણે વધુમાં કહ્યુ હતુ કે દેશમાં દાયકાઓ સુધી અમુક રાજકીય પક્ષોએ માત્ર વોટબેંકની રાજનીતિ કરી છે. અમુક લોકોને જ વાયદા કરો, ઘણા લોકોને રાહ જોતા રાખો, ભેદભાવ, ભ્રષ્ટાચાર...આ બધું વોટબેંકની રાજનીતિની સાઈડ ઈફેક્ટ છે. ભાજપે આ વોટબેંકની રાજનીતિને ટક્કર આપી છે અને એનું નુકસાન દેશને સમજાવવામાં સફળતા મળી છે. ભાજપે સારી નીતિથી કરેલાં આ કામને જનતાના ભરપૂર આશીર્વાદ પણ મળ્યા છે.

મોદીએ કહ્યું, આજે દલિતો, પછાત, આદિવાસી, ખેડૂત, જવાનો સાથે જે રીતે મહિલાઓ ભાજપના પક્ષમાં મજબૂતીથી ભી છે એ એક નવા યુગની શરૂઆતનું પ્રતિબિંબ છે. ભાજપને વિજય તિલક કરવામાં માતાઓ અને બહેનો સૌથી આગળ હોય છે. આ ચૂંટણીને લગતી ઘટના નથી, સામાજિક અને રાષ્ટ્રીય જાગરણ છે, જેની ઈતિહાસમાં ચર્ચા કરવામાં આવશે. મહિલાઓમાં સુશાસન અને કડક કાયદાઓની ભાવના અમે ઊભી કરી છે. સ્વાસ્થ્યથી લઈને રસોઈની ચિંતા કરી છે. નારીશક્તિમાં આત્મવિશ્વાસ ઊભો થયો છે, જે ભારતને દિશા આપી રહી છે. મહિલાઓની ભાગીદારીમાં વિકાસ વધારવો અમારી ફરજ છે.

તેમણે વધુમાં કહ્યું- અમારા માટે રાજનીતિ અને રાષ્ટ્રનીતિ સાથે સાથે ચાલે છે. અમે રાજનીતિથી રાષ્ટ્રનીતિને અલગ કરીને ચાલનારા લોકો નથી. એ પણ સાચી વાત છે કે અત્યારે દેશમાં બે પ્રકારની રાજનીતિ ચાલી રહી છે. એક રાજનીતિ છે પરિવારભક્તિની અને બીજી છે રાષ્ટ્રભક્તિની. કેન્દ્રીય સ્તર પર અલગ અલગ રાજ્યોમાં અમુક રાજકીય પક્ષો છે, જે માત્ર ને માત્ર તેમના પરિવારનાં હિતો માટે કામ કરે છે. પરિવારવાદી સરકારમાં પરિવારના સભ્યોનો સ્થાનિક ચૂંટણીથી લઈને સંસદ સુધી દબદબો રહેતો હોય છે. તેઓ એકબીજાના ભ્રષ્ટાચારને ડાંકે છે. આ પરિવારવાદી પાર્ટીઓએ દેશના યુવકોને પણ આગળ નથી વધવા દીધા. તેમની સાથે હંમેશાં વિશ્વાસઘાત થયો છે. આજે આપણને ગર્વ થવો જોઈએ કે ભાજપ જ એક માત્ર પાર્ટી છે, જે આ પડકારથી દેશને સજાગ કરી રહી છે.

વડાપ્રધાન મોદીએ છેલ્લે કહ્યું હતું, આજે દેશ તમામ અભિયાનોમાં આગળ વધી રહ્યો છે. ભાજપાના કાર્યકર્તાઓ તરીકે તમે એ દરેક અભિયાનના સારથિ છો. હવે થોડા દિવસ પછી જ જ્યોતિબા ફુલે અને બાબા સાહેબ આંબેડકરજયંતી છે. પાર્ટી આજથી જ સામાજિક ન્યાય પખવાડિયું શરૂ કરી રહી છે. તમને અપીલ છે કે આ અભિયાન સાથે સક્રિયતાથી જોડાઓ. સરકાર ગરીબો માટે જે યોજના ચલાવી રહી છે એ માટે દેશને જાગ્રત કરો. કાર્યકર્તા તરીકે પાર્ટી મને જે આદેશ કરશે, હું પણ એમાં કાર્યકર્તા તરીકે સંપૂર્ણ મહેનત કરીશ. તમે સાથી કાર્યકર્તાઓ હોવાથી મારી તમારી પાસે આ જ અપેક્ષા છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## ઝાલોદ કોંગ્રેસ સમિતિએ વિવિધ માંગણીઓને લઈ પ્રાંત અધિકારીને આવેદન : વડાપ્રધાનના કાર્યક્રમમાં વિરોધ કરવાની ચિમકી



દાહોદ,

ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતીએ વિવિધ મંગાણીઓની રજૂઆતો સાથે ઝાલોદ પ્રાંત અધિકારીને લેખિતમાં આવેદન આપી જણાવ્યું હતું કે આગામી દિવસોમાં તમામ પ્રસ્નોનાં સમસ્યાનું નિરાકરણ નહી આવે તો આવનારા પ્રધાનમંત્રીના કાર્યક્રમનો વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતીએ આદિવાસી બાહુલય ધરાવતા વિસ્તારોમાં આદિવાસી સમાજને નડતા પ્રશ્નોના આજદિન સુધી કોઈ નિકાલ ના થતા તેઓએ આજે ઝાલોદ પ્રાંત અધિકાતીને લેખિતમાં આવેદન પાઠવી રજુઆત કરી હતી. જેમાં ઝાલોદ તાલુકાના ૧૪ ગામોમાંથી પસાર થતા દિલ્હી મુંબઈ નેશનલ હાઈવે કોરીડોર હાઈવેમાં સરકાર દ્વારા અમારા આદિવાસી ખેડૂત ખાતેદારો પાસેથી સસ્તા ભાવે જમીન સંપાદન કરી ગરીબ ખેડૂતોને જમીન અને ઘર વિહોણા કરી વિકાસના નામે જમીન પડાવી પાડવા માટે અભણ આદિવાસીઓને ડરાવી ધમકાવી વળતર સ્વીકારી લેવા દબાણો કરવામાં આવે છે અને વળતર નહી સ્વીકારો તો જમીન ના રૂપિયા સરકારમાં જમા કરાવી દેવામાં આવશે પોલીસ અને એસ આર પી મૂકીને જમીન ખાલી કરાવી લેવામાં આવશે તેવી ધાક ધમકીઓ આપી તંત્રના અધિકારીઓ દ્વારા અમારા અભણ આદિવાસીઓ ને ડરાવવામાં તેમજ ધમકાવવામાં આવે છે અને આ બાબતની મિટિંગનો વિડિયો પણ અમારી પાસે છે. જેમાં તંત્ર દ્વારા ધમકીઓ આપવામાં આવી રહી છે. જયારે આ કેસ હાઈકોર્ટમાં ચાલતો હોવાના કારણે અને આ કેસનું જયાર સુધી જજમેન્ટ ના આવે ત્યાં સુધી ૧૪ ગામના ખેડૂત ખાતેદારોએ વળતર સરકાર પાસેથી સ્વીકાર્યું નથી અને સાથે જ જણાવાયું હતું કે, તમામ ખેડૂતોને જંત્રી મુજબ નહી પણ નજીકના બજાર માર્કેટના ભાવનું જમીન મકાન કુવા બોર અને ઝાડનું વળતર સરકાર દ્વારા ચૂકવવામાં નહી આવે ત્યાં સુધી તંત્ર દ્વારા અમારા ખેડૂતોની જમીનમાં હાઈવે ઓથોરિટી દ્વારા કોઈ પણ કામગીરી કરવામાં ના આવે તેવી માંગ કરી હતી અને સાથે સાથે ઝાલોદ તાલુકાના વરોડ ટોલ બુથ ઉપર હાલમાં જ જે દસ રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવ્યો છે. તે ભાવ વધારો પાછો ખેંચવામાં આવે કારણકે અમારો વિસ્તાર આદિવાસી બાહુલય ધરાવતો વિસ્તાર છે અને સિડ્યુલ ૫ મુજબ કોઈપણ પ્રકારનો ટેક્સ ઉઘરાવી શકાઈ નહી અને ટોલમાં ભાવ વધારાના કારણે બસોના ભાડા વધતા અમારા વિસ્તારના ગરીબ આદિવાસીઓને પોસાઈ તેમ નથી. તેથી લોકલ એસટી બસોને શાળાના વાહનોને જે તે સમયે ટોલ મુક્ત કરવામાં આવ્યા હતા. તેમ હમણાં પણ ટોલ મુક્ત થાય અને દૂધ સંજીવણી વાહનોને પણ ટોલ મુક્ત કરવામાં આવે તેમજ ઝાલોદ ઓક્ટ્રોયથી કાળી તળાઈ સુધીનો ખખડધજ અને બિસ્માર હાલતમાં રોડ છે તેના કારણે અનેક અકસ્માતો થયાં છે. તેના કારણે કેટલાક લોકોએ પોતાના જીવ ખોયા છે અને વારંવાર મીરાંખેડી રોડ ઉપર સ્ટ્રીટ લાઈટો નાખવા માટે રજૂઆતો કરી છે. તેમ છતાંય હજુ સુધી સ્ટ્રીટ લાઈટો નવી નાખી નથી. તેવી માંગો સાથે આજરોજ ઝાલોદના પ્રાંત અધિકારીને ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદન આપી ચીમકીઓ ઉચ્ચારવામા આવી હતી.

## ગુજરાત મધ્યપ્રદેશ બોર્ડર પર પીટોલ નજીક ડામર ભરેલું ટેન્કર પલટી મારતા ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવેનો વાહન વ્યવહાર ખોરવાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત મધ્ય પ્રદેશ બોર્ડર પર પીટોલ નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર દાહોદ તરફથી જઈ રહેલો ડામર ભરેલો ટેન્કર પલ્ટી મારતા ટેન્કરનું ડામર રોડ ઉપર ઢોલાઈ જતા ઈન્દોર અમદાવાદનો એક તરફનો વાહન વ્યવહાર ખોરવાયો હતો તેમજ લાંબો ટ્રાફિકજામ લાગતા ભર ઉનાળે વાહન ચાલકો ગરમીના લીધે સેકાઈ જતા ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. જયારે આ બનાવમાં સદ ભાગ્યે કોઈ જાનહાની ના બનવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત મધ્યપ્રદેશ બોર્ડર, ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપર પીટોલ નજીક બાવડી ફાટા ગામે દાહોદ તરફથી જઈ રહેલો GJ-06-VV-0080 નંબરનો ડામર ભરેલા ટેન્કરના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ટેન્કર પલ્ટી મારતા ટેન્કરમાં ભરેલો ડામર રોડ પર પથરાઈ ગયો હતો. ટેન્કર માંથી રોડ પર પથરાયેલો ડામર અત્યંત ગરમ હોવાથી વાહન ચાલકો જયાના ત્યાં રોકાઈ ગયા હતા.જેના પગલે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવેનો એક તરફનો વાહન વ્યવહાર પ્રભાવિત થતા બે થી ત્રણ કિલોમીટર સુધીનો લાંબો ચક્કાજામ થતા વાહન ચાલકોની કતાર લાગી જવા પામી હતી. જેમાં ઉનાળાના આકરા સમયમાં ટ્રાફીક જામમાં ફસાયેલાં વાહન ચાલકો ગરમીના લીધે પરસેવે રેબઝેબ થતા ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો.જોકે આ બનાવની જાણ સ્થાનિક પોલીસને થતા સ્થાનિક પોલીસે ટાબડતોડ ઘટના સ્થળે પહોંચી ટ્રાફીક જામને હળવો કરી રાબેતા મુજબ કરવાની કામગીરીમાં જોતરાઈ ગયા હતા.

## ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન નિમિતે ફતેપુરા થી દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયારે બાઈક રેલીનું પ્રસ્થાન કરાવ્યુ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા થી પ્રસ્થાન થયેલ બાઈક રેલી સંપૂર્ણ દાહોદ જીલ્લામાં ફરશે, બાઈક રેલીમાં દરેક તાલુકા દીઠ કાર્યકર્તાઓ મોટર સાયકલ લઈને જાડાયા.

ભારતીય જનતા પાર્ટીના ૪૨ મા સ્થાપના દિન નિમિતે આજરોજ ફતેપુરાના ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે થી દાહોદ જીલ્લા ભાજપના પ્રમુખ શંકરભાઈ આમલીયારે બાઈક રેલીનું લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રંસગે ફતેપુરાના ધારાસભ્ય વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા, એસ ટી મોરચાના ઉપપ્રમુખ ડો.અશ્વિનભાઈ પારગી, યુવા મોરચાના મોહિતભાઈ ડામોર, યુવા મોરચાના અલયભાઈ દરજી, ફતેપુરા તાલુકા ભાજપ પ્રમુખ સહિત મોટી સંખ્યામાં યુવા મોરચાના કાર્યકર્તાઓ સરપંચો જોડાયા હતા. ફતેપુરા થી શરૂઆત કરાયેલ બાઈક રેલી સંપૂર્ણ જીલ્લામાં ફરશે.

ફતેપુરા થી બાઈક રેલીને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવતા દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયાર, વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા, ડો.અશ્વિનભાઈ પારગી સહિત અન્ય મહાનુભાવો જોઈ શકાય છે.

## દાહોદમાં રામનવમીના યાત્રાના આયોજનના વિરોધ સોશ્યલ મીડીયા માં કોમેન્ટ થતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં તારી ૧૦મીના રોજ રામ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે થોડા દિવસો પહેલા ભગવાન શ્રી રામની પ્રતિમાના આગમન યાત્રા દરમિયાન કોઈ અસામાજિક તત્વ દ્વારા પોતાના સોશિયલ મીડિયાના એકાઉન્ટ પર ભગવાન રામ યાત્રાની લાઈવ સોશિયલ મીડિયાના વીડિયોમાં અભદ્ર કોમેન્ટ કરતા હિંદુ સમાજની લાગણી દુભાતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

તારીખ ૧૦મીના રોજ દાહોદ શહેરમાં શ્રી રામ યાત્રાનું ભવ્ય ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગત તારીખ ૩ એપ્રિલના રોજ ભગવાન શ્રી રામ યાત્રાના કાર્યકર્તાઓ દ્વારા ભગવાન રામની પ્રતિમાના આગમન દરમિયાન દાહોદ પડાવથી ઠક્કર ફળિયા સુધી શ્રી રામજીની આગમન યાત્રા કાઢવામાં આવી હતી અને આ યાત્રાનું લાઈવ સોશિયલ મીડિયામાં પ્રસારણ ચાલતું હતું. તે દરમિયાન _stanny_mf નામની આઈડીવાળા અસામાજિક તત્વ દ્વારા અભદ્ર લાઈવ કોમેન્ટ કરી, ગાળો લખી હિન્દુ સમાજની લાગણી દુભાવે તેવું કૃત્ય કરતા આ સંબંધે ઈન્દ્રકુમાર નારણદાસ કરમચંદાની દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લાના તબીબોની પડતર માંગણીઓને લઈ તબીબો દ્વારા વિરોધ રેલી કાઢી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લાના તબીબો દ્વારા છેલ્લા બે દિવસથી પોતાની વિવિધ માંગણીઓને લઈ હડતાળ પર છે અને ગતરોજ દાહોદ શહેરમાં તેઓએ વિરોધ રેલી પણ કાઢી હતી.

પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈ દાહોદ જિલ્લાના ખાનગી ડોક્ટરો સહિત ભવભ, ૧વભ સહિતના તમામ ડોક્ટરો છેલ્લા બે દિવસથી હડતાલ પર છે. છેલ્લા ઘણા સમયથી પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈ સરકાર સમક્ષ તબીબો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ કરવામાં આવેલ રજુઆતોને સરકાર દ્વારા ધ્યાને ન લેતા હોવાના આક્ષેપો સાથે છેલ્લા બે દિવસથી દાહોદ શહેર સહિત જિલ્લાના તબીબો હડતાળ પર ઉતર્યા છે અને ગતરોજ દાહોદ શહેરમાં તબીબો દ્વારા રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને ભારે વિરોધ પણ દર્શાવ્યો હતો રેલીમાં તબીબોએ હાથમાં વિવિધ બેનરો સાથે વિરોધ દર્શાવ્યો હતો.

## સંજેલી તાલુકાના નેનકીમાં મકાનમાં તાળું તોડી હાથફેરો કરી ફરાર



સંજેલી,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના નેનકી ગામે બંધ મકાનને નિશાન બનાવી ઘરનો સામાન વિરેવિખેર કરી તેમજ તીજોરીની તાળા અને અંદરનું લોકર તોડી તેમાં મુકી રાખેલા દાગીના તથા રોકડા ૨૦ હજાર મળી ૯૫,૦૦૦ રૂ.ની મત્તાની તસ્કરી કરી પલાયન થયા હતા. નેનકીના શિક્ષક ચન્દ્રકાંત પલાસ સાંજે નેનકીના ઘરે તાળુ મારી દાહોદ ખાતે તેમના મકાને આવ્યા હતા. તે દરમિયાન નેનકીના બંધ મકાનને નિશાન બનાવી તાળા તોડી ઘરમાં પ્રવેશી ઘરનો સામાન વેરવિખેર કર્યો હતો. રૂમમાં મુકેલી તીજોરીના લોક લોકરનો ભાગ તોડી તેમાં મુકી રાખેલ ચન્દ્રકાંતભાઈની માતાનું મંગળસુત્ર તથા સોનાનો દોરો અને કાનની શેર તથા વીટી અંદાજે ૭૫,૦૦૦ હજાર તથા રોકડા રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ ૯૫,૦૦૦ ની મત્તાની ચોરી કરી લઈ નાસી ગયા હતા. ઘરના દરવાજાના તાળા તુટેલા જોવા મળતાં મોટાભાઈ મણીલાલ રામુભાઈ પલાસે જાણ કરતાં ચન્દ્રકાંતભાઈ તાત્કાલિક દાહોદથી નેનકી દોડી આવ્યા હતા. ચોરી સંદર્ભે ચોરો વિરૂધ્ધ સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી.

## સંજેલીમાં ભાજપા યુવા મોરચા દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું



સંજેલી,

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ભાજપા યુવા મોરચા દ્વારા સંજેલીમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ભાજપા યુવા મોરચા કાર્યકરો દ્વારા નગરમાં રેલી સ્વરૂપે નીકળી આઝાદી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંજેલી ભાજપા મંડળ દ્વારા ભાજપા યુવા મોરચાની રેલીનું મુખ્ય રોડ ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બાઈક રેલીનું ભાજપા યુવા મોરચા દ્વારા આશરે ૧૫ કિમિ જેટલું અંતર ખેડવામાં આવ્યું હતું. જેમાં ભાજપા યુવા મોરચાના હોદ્દેદારો બાઈક રેલી યોજી આઝાદી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંજેલી તાલુકા ભાજપા પ્રમુખ, યુવા મોરચાના પ્રમુખ તાલુકા ભાજપા હોદ્દેદારો જોડાયા હતા.

## દે.બારીયા શહેરમાં લીંબુના ભાવમાં વિક્રમજનક ઉછાળો હાલમાં નોંધાયો છે

દે.બારીયા,

દે.બારીયાના શાક માર્કેટમાં સ્થાનિક તથા બહાર ગામના આયાતી લીંબુની ભારે અછત વાર્તાપરહી છે. ૪૨ ડીગ્રીની ગરમી એ પણ એપ્રીલ માસની શરૂઆતે ગરમીનો પારો ઉંચે જતા લીંબુના સ્થાનિક પાક તદ્દન નિષ્ફળ જવાના કારણે દે.બારીયાના શાકમાર્કેટમાં લીંબુની ભારે અછત જોવા મળી રહી છે. ગોધરા તરફથી અન્ય મંડી, શાક માર્કેટ માંથી આવતા લીંબુની આવક બંધ થતા અને સ્થાનિક દેશી લીંબુની અછત થી લીંબુમાં આ વર્ષે ભારે ઉછાળો જોવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હોલસેલના ભાવો વડોદરા શાકમાર્કેટ માંથી આવતા લીંબુ એક કિલોનો ભાવ ૨૦૦/– થી ૨૩૦/–રૂપીયાના ભાવે વેચાણ થાય છે. જયારે છુટકનો ભાવ ૨૫૦/–રૂપીયા કિલો થી પણ વધુના ભાવે વેચાઈ રહ્યા છે. ઠંડા પીણા, લીંબુ સરબતના હેલાવાળા વેપારીઓ લીંબુના સ્થાને લીંબુના ફુલ જે ખરેખર ફુલ હોતા નથી પરંતુ એવો ખાટો પદાર્થ હોય છે. તે લીંબુના ફુલ થી વેચાણ કરવામાં આવે છે. તેનો ઉપયોગ થઈ રહ્યો છે. શહેરી તથા ગ્રામીણમાં પણ હાલના વર્ષે લીંબુની ભારે અછત વર્તાઈ રહી છે. અત્યારે આકરી ગરમીમાં લીંબુના ભાવ આસમાને પહોંચતા લીંબુની ખરીદી કોણ કરી શકે છે. એક લીંબુના રૂા.૧૫/–માં મળે છે. તેવા અહેવાલ પ્રાપ્ત થયા છે. પેટ્રોલ–ડીઝલના ભાવો કુદકે ભુસકે વધી રહ્યા છે. તેનાથી ગૃહિણીઓનું બજેટ ખોરવી નાખ્યો છે.

## દાહોદ બ્લોક ખાતે હડતાળી તબીબોએ સરકારને સદ્દબુધ્ધી મળે.. માતાને આરતી કરી લોકોને પડતી હાલાકીને માટે ભારે સંવેદના વ્યકત કરી



દાહોદ,

ઘણા સમય થી તબીબો પોતાની યોગ્ય માંગણીને લઈ વારંવાર સરકારશ્રી ને રજૂઆત કરેલ તેમજ સરકારે સ્વીકારેલ પરંતુ સરકારે હંમેશા સમય માંગતા સરકાર તેમજ ગુજરાતની જનતાનું મન રાખી તબીબોએ લગભગ ૪ થી ૫ વાર હડતાળ મોકૂફ રાખવામાં આવેલ પરંતુ જાણે કે કોરોના કાળ જતા જે તબીબો પહેલા વોરિયર લગતા હતા. એ નાકમાં થઈ ગયા હોય તેમ સ્વીકારેલ માંગણી અમલ ના કરતા તા ૪એપ્રિલ થી જ્યાં સુધી અમલના આદેશ ના થાય ત્યાં સુધી હડતાળ પર રહેવાનું નક્કી કરેલ પરંતુ અને ત્રીજો દિવસ થયો હોવા છતાં સરકારના પેટનું પાણીના હાલતા દાહોદના ૧૫૦જેટલા તબીબો દાહોદ બ્લોક ખાતે ભેગા મળી સરકારને સદબુધ્ધિ મળે એ માટે માં આદ્ય આંબા માટેની આરતી કરી લોકોને પડતી હાલાકી માટે સંવેદના વ્યક્ત કરી હતી. આ પ્રવૃત્તિ ગુજરાત ઈન સર્વિસ ડોક્ટર એસોસિયેશન દ્વાર થયેલ.

## દાહોદ રાત્રી બજાર પોલીસ મથકની સામે ૧૦ ઈસમોના ટોળાનો તકરાર છુટા હાથે મારામારી

દાહોદ,

દાહોદ શહેરની રાત્રી બજાર ખાતે ટાઉન પોલીસ મથક્ની સામે સામ મહિલા સહિત ૧૦ ઈસમોના ટોળાએ જાહેરમાં ઝઘડો તકરાર કરી છૂટા હાથની મારામારી કરતા આ સંબંધે દાહોદ શહેર પોલીસે દસ ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ પાંચમી એપ્રિલના રોજ વિપુલભાઈ બરમાભાઈ ડામોર રહેવાસી રાછરડા તાલુકો જિલ્લો દાહોદ, દીપકભાઈ બરમાભાઈ ડામોર, સવિતાબેન બરમાભાઈ ડામોર, લક્ષ્મીબેન રાજેશભાઈ માંડવીયા રહેવાસી રામનગર ચાકલીયા રોડ દાહોદ, પંકજભાઈ મુકેશભાઈ પીઠાયા રહેવાથી જીવનદીપ સોસાયટી દાહોદ, અજય ભાઈ દિનેશભાઈ પીઠાયા રહેવાસી રાણાપુર તાલુકો જિલ્લો દાહોદ, દીપકભાઈ જયંતીભાઈ પીઠાયા, લક્ષ્મીબેન મહેશભાઈ પિઠીયા રહેવાસી સુખદેવ કાકાની ચાલ ચાકલીયા રોડ દાહોદ, ઉષાબેન મહેશભાઈ પિઠીયા અને રવિના બેન મહેશભાઈ પિઠીયાનાઓ દાહોદ શહેર ખાતે આવેલ રાત્રી બજાર ની સામે સામ અને તે પણ પોલીસ ચોકી ની સામે જાહેરમાં બેફામ ગાળો બોલી ઝઘડો તકરાર કરી છૂટા હાથની મારામારી કરતા આ અંગેની જાણ નજીકમાં આવેલ દાહોદ ટાઉન પોલીસને થતાં પોલીસ દ્વારા ઉપરોક્ત તમામની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા અને ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલી માં ચૂંટણીને અનુલક્ષીને રેપિડ એક્શન ફોર્સ દ્વારા ફ્લેગ માર્ચ યોજાયું

સંજેલી,

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે તંત્ર તથા રેપીડ એક્શન ફોર્સ દ્વારા સંજેલી નગરમાં મુખ્ય માર્ગ પર પોલીસને સાથે રાખી ફ્લેગ માર્ચ યોજાયુ હતું. આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંજેલી તાલુકાના મુખ્ય માર્ગો પર PSI જી.બી.રાઠવા તેમજ જવાનો દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું. સંજેલી પોલીસ સ્ટેશનના પીએસઆઈ રાઠવા તેમજ સીઆરપીએફના જવાનો દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને સંજેલી નગરના મુખ્યમાર્ગો પર પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સંજેલી પોલીસ સ્ટેશન થી નીકળી નગરના વિવિધ માર્ગો પર પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

## તરાવીહ

તરાવહીની વીસ રકાતો છે અને એ સ્ત્રી–પુરૂષોને માટે સુન્નતે મોઅકકીદા છે. જેનું છોડી દેવું જાઈઝ નથી. તરાવીહમાં એકવાર કુર્આન શરીફ ખત્મ કરવું સુન્ને મોઅકકીદા છે. બે વાર પુરુ કરવામાં ફઝીલત છે અને ત્રણવાર ખત્મ કરવું સર્વોત્તમ છે. તરાવીહ પછી વિત્રની નમાઝ જમાઅત સાથે પઢવામાં આવે છે પણ જેને ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી નથી એ વિત્રની નમાઝ જનાઅત સાથે પઢી શકતો નથી. તરાવીહની વસી રકાતો દસ સલામ થી પઢવામાં આવે છે. અર્થાત બે–બે રકાતની નિયત થી પ્રત્યેક રકાત પછી આ દુઆ પઢવી જોઈએ.

સુબ્હા–ન–ઝિલ મુલેવલ મલકુત
સુબ્હા–ન ઝિલ–ઈઝઝતે વલ
અઝમતે વલ હયબ– તે વલ
કુદરતે વલકિબરિયાએ વલ જ
બરૂન સુબ્હા–નલ મલેકીલ
હૈયિલ્લઝી લાયનામો વલા યમૂત
સુબ્બુન કુદ–દુસુન રબ્બુ–ન
વરબ્બુલમલા–એકતી વર્રુહ
અલ્લાહુન–મ અજિર–ન મિન્નારે
યા મુજીરો યા મુજીરો યા મુજીર....
(બ–હવાલા તોહ–ફ–એ રમઝાન શરીફ પાન. નં. ૭૮–૭૯)

તા.૦૭/૦૪/૨૦૨૨ ગુરૂવાર
ખત્મે શહેરી ૪.૫૯
વકતે ઈફતાર ૬.૫૭
નોંધઃ આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પુરતો છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.190

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# કાલોલ કેળવણી મંડળના ઉપપ્રમુખ-મંત્રી અને શિક્ષકના રિમાન્ડ પુરા થતા ગોધરા સબજેલમાં મોકલાયા



કાલોલ,

કાલોલ કેળવણી પ્રચારક મંડળના ઉપપ્રમુખ, મંત્રી અને શિક્ષકને સહાયક પાસેથી ૧ લાખ રૂપીયાની લાંચ લેતા એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. ત્રણ આરોપીઓના ત્રણ દિવસના રીમાન્ડ પુર થતાં આરોપીઓને ગોધરા સબજેલમાં મોકલવામાં આવ્યા.

કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત સી.બી.ગર્લ્સ હાઈસ્કુલ ખાતે શિક્ષીકાને શિક્ષણ સહાયક ત્યારે સી.બી.ગર્લ્સ હાઈસ્કુલના સંચાલન કરતાં મંડળના ટ્રસ્ટીઓમાં ઉપપ્રમુખ જયંત મહેતા, મંત્રી વિરેન્દ્ર મહેતા દ્વારા શિક્ષિકાના પતિ પાસેથી શાળામાં હાજર કરવા માટે ડોનેશન પેટે ૩ લાખની માંગણી કરાઈ હતી. ૩ લાખની લાંચ વધારે હોય તેવી રકઝક બાદ શિક્ષક સહાયકના પતિ સાથે ૧લાખ રૂપીયા લાંચનો સોદો નક્કી થયેલ હતો. સી.બી.ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષક પુવાર દ્વારા શિક્ષિકાને ૧ લાખ રૂપીયા આપવા માટે દબાણ કરવામાં આવતું હતું. શિક્ષિકાના પતિ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી વડોદરા એસીબીના ઉપપ્રમુખ, મંત્રી અને શિક્ષકને ૧ લાખની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. લાંચ કેસની તપાસ કરતી મહિસાગર એસીબી દ્વારા ૩ આરોપીઓના ત્રણ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. આજરોજ લાંચ કેસના આરોપીઓના રીમાન્ડ પુરા થતાં એસીબી દ્વારા હાલોલ કોર્ટમાં રજુ કરવામાં આવતાં કોર્ટ દ્વારા ત્રણ આરોપીઓને ગોધરા સબ જેલમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો.

# નિષ્ઠુર માતા તાજા જન્મેલા બાળકને હાલોલ પનોરમા પાસે GIDCના ઝાડી ઝાંખરામાં ફેંકી ફરાર થઈ ગઈ

હાલોલ,

હાલોલ જીઆઈડીસી પનોરમા ચોકડી નજીક ગટર લાઈનના ઝાડી ઝંખરવાળા વિસ્તારમાંથી ત્યજી દેવાયેલું નવજાત શિશુ મળી આવતાં ચકચાર મચી જવા પામી જેમાં નવજાત શિશુને ૧૦૮ મારફતે તાત્કાલિક સ્થળ પર સારવાર આપી વધુ સારવાર અને સાચવણી માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યું હતું. જ્યારે બનાવ અંગે પોલીસે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



પ્રાપ્ત વિગતો અનુસાર હાલોલ ખાતે જીઆઈડીસીમાં આવેલ પનોરમા ચોકડી નજીકથી પસાર થતી એક ખુલ્લી ગટર લાઈનના ઝાડી ઝાંખરવાળા વિસ્તારમાંથી બુધવારે સવારના સુમારે તાજુ જન્મેલ નવજાત શિશુ ત્યજી દીધેલી હાલતમાં રડતું કકળતું બાળક પનોરમા ચોકડી ખાતે રહેતા સુરજભાઈ રતનભાઈ ભરવાડ નામના ઈસમને નજરે પડ્યું હતું. જેમાં નવજાત શિશુ ત્યજી દીધેલ હાલતમાં જોવા મળતા સુરજભાઈએ તાત્કાલિક બનાવ અંગે ૧૦૮ પર તેમજ ૧૦૦ નંબર પર ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ સહિત હાલોલ રૂરલ પોલીસ પનોરમા ચોકડી ખાતે દોડી આવી હતી. જેમાં ધૂલ કા ફૂલને ઝાડીઓમાંથી ઉઠાવી ૧૦૮ની ટીમે તેને એમ્બ્યુલન્સ ખાતે તાત્કાલિક સારવાર આપી હતી અને વધુ સારવાર અને સાચવણી માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયું હતું. જ્યારે બનાવ અંગેની જાણ થતા ઘટનાસ્થળે દોડી આવેલ હાલોલ રૂરલ પોલીસે તાજા જન્મેલા નવજાત શિશુને તરછોડી થઈ ત્યજી દેનાર નવજાત શિશુની માતા સહિત ઝાડીમાં ફેંકી જનાર ઈસમની સામે સુરજભાઈ રતનભાઈ ભરવાડની ફરિયાદના આધારે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. જ્યારે પનોરમા ચોકડી ખાતે ઝાડીમાંથી નવજાત શિશુ મળી આવ્યાની ઘટનાની જાણ થતા આસપાસથી લોકો આ બાળકને જોવા દોડી આવ્યા હતા અને નવજાત શિશુને ત્યજી દેનારી તેની જનેતાએ મજબૂરીવશ કે પાપ છુપાવવા કયા સંજોગોમાં આવો કઠોર નિર્ણય લઈ તાજા જન્મેલાં માસૂમ નવજાત શિશુ ત્યજી દીધું હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું અને અને નવજાત શિશુને ઝાડીમાં ફેંકી દેવાની ઘટનાને વખોડી નિષ્ઠુર માતા સહિત નવજાત શિશુને ફેંકી જનાર ઈસમ સામે ફિટકારની લાગણી વરસાવતા નજરે પડ્યા હતા.

# હાલોલના ડેસર ગામે માટીના ખોદકામ દરમિયાન ભેખડ ધસી પડતા સાત મજુરો દબાયા : એક ૧૩ વર્ષિય કિશોરીનું મોત

હાલોલ,

હાલોલ તાલુકાના ડેસર ગામે ઈંટોના ભઠ્ઠા માટે કામકાજ કરતા મજુરો ખેતરમાં ઈંટો બનાવવા માટેની માટીનુ ખોદકામ કરતા હતા તે દરમિયાન માટીની ભેખડ ધસી પડતા મજુરી કામ કરતા મજુરો પર પડતા સાત જેટલા મજુરો દબાયા હતા. જયારે ડેસર ગામે રહેતા શ્રમજીવી પરિવારની ૧૩ વર્ષિય બાળકી માટીની ભેખડ નીચે દબાઈ જતા કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતુ. જેમાં મૃતક બાળકીના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરી પરિવારજનોને સોંપ્યો હતો. જયારે બનાવ અંગે પોલીસે એડી દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ તાલુકાના ડેસર ગામે એક ઈંટોના ભઠ્ઠા માટે ઈંટોની બનાવટમાં વપરાતી માટીનુ ખોદકામ કેટલાક મહિલા પુરૂષ મજુરો દ્વારા એક ખેતરમાં કામ ચાલી રહ્યુ હતુ. તે દરમિયાન એકાએક માટીના ખોદકામ વખતે માટીને એક મોટી ભેખડ ધસડાઈને જમીન પર ધસી પડતા ખેતરમાં ઈંટોના ભઠ્ઠા માટે માટીનુ ખોદકામ કરતા મજુરો પર ભેખડ ધડાકાભેર પડી હતી. જેમાં મજુરો પર મોટી ભેખડ પડતા મજુરો નીચે દબાતા દોડધામ મચી જવા પામી હતી. ઘટનાને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો જેમાં માટીની ભેખડ નીચે દબાયેલા મજુરોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં ૭ જેટલા વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોંચવા પામી હતી. જેઓને સારવાર અર્થે રામેશરાના ખાનગી દવાખાનામાં લઈ જવાયા હતા. જયારે ડેસર ગામે સરપંચ ફળિયામાં રહેતા વિપીનભાઈ ભાવસિંગભાઈ નાયકની ૧૩ વર્ષિય દિકરી સોનલબેન માટીની ભેખડ નીચે દબાઈ જતા કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતુ. પોતાની વ્હાલસોયી દિકરી પર માટીની ભેખડ પડવાથી મોત નીપજતા પિતા પર દુઃખનો પહાડ તુટી પડતા પરિવારજનોએ રોકકળ મચાવી હતી. જેમાં માટીની ભેખડ પડવાથી મોતને ભેટેલ ૧૩ વર્ષિય સોનલને ૧૦૮ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ.અર્થે લાવવામાં આવી હતી. જયારે બનાવ અંગેની જાણ થતાં હાલોલ તાલુકા પોલીસ પણ ઘટના સ્થળે અને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવી હતી. જ્યાં સોનલના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરાયા બાદ તેઓના પરિવારજનોએ પોતાની ૧૩ વર્ષિય માસુમ દિકરીના મૃતદેહને ડેસર લઈ જઈ અંતિમવિધિ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે બનાવ અંગે હાલોલ પોલીસે એડી નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પંચમહાલના શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન-શ્રી સ્વામિનારાયણ મંદિરો રાણીપુરા, હરકુંડીમાં વાર્ષિક પાટોત્સવની ભવ્ય ઉજવણી



ગોધરા,

પંચમહાલ જિલ્લાના હાલોલ અને ગોધરાના રાણીપુરા અને હરકુંડી ગામમાં મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત સ્વામિનારાયણ મંદિરો આસ્થા અને શ્રદ્ધાના કેન્દ્રો છે. મંદિર એ સાંસ્કૃતિક સંકુલ છે. મંદિર એટલે ભગવાનને રહેવાનું સ્થાન. મંદિર આધ્યાત્મિક, નૈતિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક ,સામાજિક, ધાર્મિક વગેરે પ્રવૃતિઓનું કેન્દ્ર છે. મંદિરો એટલે માનવસુધારણાનું કેન્દ્ર સ્થાન છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવો ઉપર કેવળ કૃપા કરી સંવત ૧૮૩૭ માં પ્રગટ થયા અને મુમુક્ષુ જીવોને પોતાના તરફ આકર્ષ્યા. તેમણે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા અનેક લીલા ચરિત્રો કર્યા અને પોતાની હયાતીમાં લાખો મનુષ્યોને સત્સંગી બનાવ્યા. સત્સંગનો પ્રચાર અને પ્રસાર વધુ થાય તે હેતુસર તથા આત્યંતિક મોક્ષની શરદઋતુ સદાય માટે ચાલતી રહે આવા ઉમદા હેતુથી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે મંદિરોની સ્થાપના કરી. એ જ પ્રમાણે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સાર્વભૌમ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ પંચમહાલનાં મુમુક્ષુ જીવોને વ્યસનમાંથી મુક્ત કરી સુખમય અને શાંતિમય જીવન જીવવા માટેની કેળવણીનું સ્થાન એટલે શ્રી સ્વામિનારાયણ મંદિરોની રચના કરી છે.

"શ્રી સ્વામિનારાયણ ગાદીના સુવર્ણ મહોત્સવ" અંતર્ગત સ્વામિનારાયણબાપા સ્વામીબાપા તથા શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર આચાર્ય શ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની દિવ્ય નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સંતોએ ભક્તો અને ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, રાણીપુરા ૧૧ મો અને શ્રી સ્વામિનારાયણ મંદિર, હરકુંડીનો ૨૨ મો વાર્ષિક પાટોત્સવ પરમ ઉલ્લાસભેર ઉજવ્યો હતો.

આ અવસરે શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજે ફોન દ્વારા આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, મનુષ્ય જીવનમાં વ્યસનો અધોગતિને પંથે દોરે છે. ભગવાન પ્રત્યે શ્રદ્ધા અને આસ્થા હોય તેને કોઈનો પણ ભય રહેતો નથી. જેણે ભગવાન પ્રત્યે દ્રઢ આશરો કર્યો હોય તે હંમેશા નિર્ભય રહે છે. મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી પંચમહાલનાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપુરા, હરકુંડીના વાર્ષિક પાટોત્સવમાં મહંતશ્રી યોગપ્રિયદાસજી સ્વામી, શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, શ્રી જ્ઞાનસાગરદાસજી સ્વામી, શ્રી ગુરૂપ્રિયદાસજી સ્વામી વગેરે પૂજનીય સંતો તથા હરિભક્તોએ ષોડશોપચારથી પાટોત્સવ વિધિ, પૂજન, અર્ચન, અન્નકૂટોત્સવ, આરતી ઉતારવાનો અલભ્ય લાભ લીધો હતો તથા કથાવાર્તા વગેરેના અધ્યાત્મસભર આયોજનો થયા હતા. આ પાટોત્સવમાં દેશ દેશનાં હરિભક્તોએ દર્શન, શ્રવણનો લાભ લીધો હતો.

# વેજલપુર ગામની પોસ્ટ ઓફીસમાં આધાર કાર્ડની કીટ ફાળવી હોવા છતાં ગ્રામજનોને ગોધરા અને કાલોલ સુધી લંબબાવવું પડે છે



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામની પોસ્ટ ઓફીસમાં આધાર કાર્ડ કીટની ફાળવણી કરવામાં આવી છે. તેમ છતાં છેલ્લા છ મહીના થી આધારકાર્ડની કામગીરી બંધ કરી દેવામાં આવી છે અને ગામના કોઈપણ વ્યક્તિ આધારકાર્ડની કામગીરી અર્થે વેજલપુરની પોસ્ટ ઓફીસમાં જાય છે. તો ફરજ ઉપર હાજર પોસ્ટ માસ્ટર કે.બી. વસૈયા દ્વારા ઉડાવ જવાબ આપવામાં આવે છે કે, છેલ્લા છ મહિના થી કીટ બગડેલ છે અને ગોધરા પોસ્ટ ઓફીસ સેન્ટર ઉપર મોકલી આપેલ છે. ત્યારે પત્રકાર દ્વારા ગોધરા સેન્ટર પોસ્ટ ઓફીસના અધિકારી હિતેશભાઈ સાથે ટેલિફોનિક વાત કરતા જણાવેલ કે છેલ્લા છ મહિના થી બંધ છે અને વેજલપુર પોસ્ટ ઓફીસની કીટ અહીંયા પડેલ છે અને અમે એક બે દિવસમાં ચાલુ કરવાના છે. કારણ કે, કેટલાક શાળાના આચાર્યની માંગ છે કે વેજલપુર પોસ્ટ ઓફીસ ઉપર વહેલી તકે આધાર કાર્ડ સેન્ટર ચાલુ કરવામાં આવે તેવી માંગ છે. જેથી અમો વહેલી તકે ફરીથી શરૂ કરવાના પ્રયત્ન કરીશું જેથી પત્રકાર દ્વારા એવું ફોન ઉપર જણાવેલ કે હાલ તમામ શાળાના બાળકોને આધાર કાર્ડ અપડેટ કરાવવાના છે અને કેટલાક લોકોને આરટીઈ માં એડમિશન લેવા માટે આધાર કાર્ડ અપડેટ ફરજીયાત છે. જેથી આવી કડકડતી ગરમીમાં ગોધરા અને કાલોલ સુધી લંબાવવાનો વારો આવ્યો છે. જેથી ગ્રામજનોની માંગ ઉઠી છે કે વહેલી તકે વેજલપુર પોસ્ટ ઓફીસ ઉપર આધારકાર્ડની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ છે.

# ચૈત્રી નવરાત્રીના પાવન દિવસોમાં માંસ-મટનની દુકાનો સ્વૈચ્છિક બંધ રાખવા અખિલ ભારત હિન્દુ મહાસભાની માંગ



ગોધરા,

ગુજરાત રાજ્યમાં અખિલ ભારત હિન્દુ મહાસભા દ્વારા નવરાત્રીના પવિત્ર દિવસોમાં માંસ–મટનની દુકાનો તેમજ જીવ હત્યા બંધ કરવા બાબતે જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

હાલ ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસો ચાલતા હોય સનાતન ધર્મના લોકો આ દિવસોમાં ધાર્મિક પ્રવૃતિઓ તેમજ દાન પુણ્ય કરતા હોય છે. ત્યારે રોડ–રસ્તાઓ ઉપર ચાલતા માંસ–મટનની દુકાનો ખુલ્લેઆમ જીવ હત્યા થઈ રહી હોય છે. ત્યારે ચૈત્રી નવરાત્રીના પાવન દિવસોમાં ગુજરાત રાજ્યના તમામ જીલ્લાઓમાં ધાર્મિક માન્યતાને માન આપીને માંસ–મટનની દુકાનો સ્વૈચ્છિક રીતે બંધ રહે તેવા પગલા ભરવામાં આવે તેવી માંગ સાથે અખિલ ભારત હિન્દુ મહાસભા મહિલા મોરચા દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું.

# હાલોલ પાનેલાવ કંપનીના પાર્કિંગમાં મુકેલ બુલેટની ચોરી

હાલોલ,

પાનેલાવ ખાતે આવેલ એલેમ્બિક કંપનીના પાર્કિંગમાંથી બુલેટ મોટરસાયકલની ચોરી થતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

પાનેલાવ ગામે એલેમ્બિક કંપનીમાં કંપનીનુ બુલેટ કંપનીના પાર્કિંગમાં બંધ હાલતમાં પડી રહ્યુ હતુ. જે પાર્કિંગમાંથી એકાએક ગાયબ થઈ જતા કંપનીના એ.પી.આઈ.વનમાં સિનીયર સિકયુરિટી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અનીલકુમાર રામદાસ પ્યાસીએ બુલેટની શોધખોળ કંપની સહિત આસપાસના વિસ્તારોમાં કર્યા બાદ પણ બુલેટનો પત્તો ન લાગતા અજાણ્યા ચોર કંપનીના પાર્કિંગમાંથી બુલેટની ચોરી કરી ફરાર થયાનુ જણાતા સિનીયર સિકયુરિટી સુપરવાઈઝરે હાલોલ રૂરલ પોલીસ મથકે એલેમ્બિક કંપનીનુ રૂ.૪૫,૦૦૦ની કિંમતનુ બુલેટ ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે બુલેટ મોટરસાયકલ ચોરી અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હાલોલ એમ.જી.મોટર્સમાં બહેનો માટે ભરતી મેળો

ગોધરા,

ગોધરાની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર, કાલોલ એમ.એમ.ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને હાલોલના એમ.જી.મોટર્સ કારના સંયુક્ત ઉપક્રમે ફકત બહેનો માટે ભરતી મેળાનુ આયોજન કાલોલની એમ.એમ.ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કરવામાં આવ્યુ છે. ભરતી મેળામાં ઉત્સુક મહિલા ઉમેદવારોએ જરૂરી લાયકાતો સાથે તા.૧૨ એપ્રિલના રોજ સવારે ૯ થી ૧ સુધીમાં હાજર રહેવા શ્રી ગોવિંદગુરૂ ટ્રાયબલ ચેરના કો–ઓર્ડિનેટર ડો.મહેશ રાઠવા, સભ્ય ડો.કનુભાઈ ચંદાણા, શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના ઈ.સી.સભ્ય ડો.અજય સોની તથા કાલોલ કોલેજના આચાર્ય ડો.કિશોરભાઈ વ્યાસે જણાવ્યુ છે.

# ઘોઘંબા રાજગઢ પોલીસે નવાનગર પાસેથી કત્તલ માટે લઈ જવાતા ૩ ગૌવંશને બચાવ્યા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાની રાજગઢ પોલીસને બાતમી મળી હતી કે, ટાટાએસીમાં કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને નવાનગર થી વેજલપુર તરફ લઈ જનાર છે. તેવી બાતમીના આધારે નવાનગર નજીક રોડ ઉપર આડશ મુકીને ઉભી રાખવા નાકાબંધી કરાઈ હતી. ત્યારે દુર થી પોલીસનું વાહન દેખીને ટાટાએસી માંથી એક ઈસમ અંધારામાં નાશી છુટીયો હતો. પોલીસે વાહન માંથી ૩ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસને બાતમી મળી હતી કે, વેજલપુર નાના મહોલ્લામાં રહેતા ઈમરાન મોહમંદ જમાલ પોતાના ટાટાસુપર એસી નંબર જીજે.૧૭.ટીટી.૪૭૬૯માં કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને નવાનગર થઈને વેજલપુર તરફ જનાર છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે નવાનગર પાસે રોડ ઉપર આડાશ ઉભી કરી વાહનને ઝડપી પાડવા નાકાબંધી કરાઈ હતી. ત્યારે દુર થી ટાટાએસીના ચાલકે પોલીસનું વાહન દેખી જતાં પશુઓ ભરેલ વાહન છોડી અંધારામાં નાશી છુટીયો હતો. રાજગઢ પોલીસે ટાટાસુપર માંથી ૩ ગૌવંશ કિંમત૨૫,૦૦૦/–રૂપીયા એસી ટેમ્પો મળી ૧,૨૫,૦૦૦/– રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. પોલીસે કત્તલ માટે લઈ જવાતા પશુઓને બચાવી લઈ પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા ડોળપા ફળીયામાં વરલી મટકાના જુગાર સ્થળે રેઈડ કરી ચાર જુગારીયાને ઝડપ્યા



ગોધરા,

ગોધરા ડોળપા ફળીયામાં ઈસમે નોકરો રાખીને ફળીયામાં વરલી મટકાનો ફરક આંકનો પૈસા વડે જુગાર રમાડતો હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી ચાર જુગારીયાને ૧૩,૭૯૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ડોળપા ફળીયામાં રહેતા ભીખાભાઈ પન્નાભાઈ વાગડીયા જે નોકરો રાખીને ફળીયામાં વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમી અને રમાડતો હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન દેવેન્દ્ર સુરેશભાઈ પરમાર, હેમીયા છીતાભાઈ ભોઈ, અશ્વિન મનુભાઈ પરમાર, અજય સુરેશભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં રોકડા રૂપીયા ૧૧,૭૯૦/– રૂપીયા મોબાઈલ ફોન–૧ મળી ૧૩,૭૯૦/–રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યા હતા. જયારે પોલીસને રેઈડ દરમ્યાન ભીખાભાઈ પન્નાભાઈ વાગડીયા અને ચેતન ઉર્ફે પપ્પી લક્ષ્મણદાસ શ્યામલાણી નહી પકડાઈ આવતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.